# ગુજરાત સમાચાર

તા.૧૩ ઓગસ્ટ ૨૦૧૪

ગાંધીનગર શહેર અને જિલ્લા આવૃત્તિ



કાર્યાલયઃ ૨૦/૨, 'ઘ' ટાઇપ, સેક્ટર-૨૨ ગાંધીનગર. ફોનઃ ૨૩૨૪૩૫૩૯, Email:gujaratsamachargandhinagar@gmail.com




રાજ્યના પાટનગર ગાંધીનગર અગાઉના સમયમાં સમગ્ર એશિયાનું ગ્રીનસીટી તરીકેનું બિરૂદ પામ્યું હતું. શહેરની રચના વખતે આયોજનપૂર્વક વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેના પગલે આ વૃક્ષો પણ પાટનગરની આગવી ઓળખ બન્યા હતા. ત્યારબાદ ગાંધીનગર શહેરનો વિકાસ અને વિસ્તાર થતાં વૃક્ષોને પણ વિકાસના ભાગરૂપે દુર કરવામાં આવ્યા હતા. આમ ધીમેધીમે ગાંધીનગર ગ્રીનસીટીના બિરૂદમાંથી પણ દુર થયું હતું. દર વર્ષે વધુને વધુ વૃક્ષો વાવીને રાજ્યના પાટનગર ગાંધીનગરને ગ્રીનસીટીનું બિરૂદ ફરીથી પ્રાપ્ત થઈ શકે તે માટે જનજાગૃતિ અભિયાન અને વૃક્ષારોપણ તંત્ર દ્વારા સમયાંતરે આયોજન કરવામાં આવતું હોય છે. ચોમાસામાં વધુને વધુ વૃક્ષોનું વાવેતર થાય તેના ભાગરૂપે શહેરમાં વૃક્ષયાત્રા નીકાળવામાં આવે છે. અલગ અલગ જાતના વૃક્ષો નગરજનોને ઘર સુધી પ્રાપ્ત થઈ શકે તે માટે તંત્ર દ્વારા આયોજનપૂર્વક દરેક સેકટરમાં આ વૃક્ષયાત્રા શહેરમાં પરિભ્રમણ કરી રહી છે જે લોકોને વૃક્ષોનું વિતરણ કરીને તેના ઉછેર માટેની શપથ લેવડાવીને ગાંધીનગર શહેરની હરીયાળી પાછી ફરે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહયા છે. (તસવીર : ધર્મેન્દ્રસિંહ કુંપાવત)